જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૧/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી ૧૬ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩૧૨ બીયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૩૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રિહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૫/૧૬**

**કૃષ્ણનગરઃ** વાસુદેવભાઇ સોહનલાલ કુશવાહ (રહે. ગણેશનગર પ્રવેશનગર ઠક્કરનગર કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૧/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર ખુશીરામ (ઉ.વ.૯) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. જે અસ્થિર મગજનો છે બોલી શકતો નથી કે સમજી શકતો નથી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.

**ઓઢવઃ** કુસુમબહેન જીતેન્દ્રભાઇ મોદી (ઉ.વ.૧૩) (રહે. સુરજબાગ સોસાયટી આદિનાથ ઓઢવ) ને તા.૯/૧૧/૧૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ઓઢવ આદેશ્વર ઈન્ડસ્ટ્રીઝ કંપની વેપાર મહામંડળ નજીકથી આરોપી સંજયભાઇ મંગાભાઇ ઠાકોર (રહે.ગામ જાકોલ તા.ડીસા જિ.બનાસકાઠા) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ કુસુમબહેનની માતા લલીતાબહેન મોદીએ તા.૧૨/૧૧/૧૬ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇ.શ્રી આર.એમ.ગામીત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**બેગ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૬/૧૬**

**મણીનગરઃ** ભુપેન્દ્ર રમણલાલ શાહ (રહે. નટરાજ ફ્લેટ ઉત્તમનગર રોડ મણીનગર) તા.૧૨/૧૧/૧૬ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે મણીનગર રાવજીભાઈ ટાવરના દરવાજાની સામે કૃષ્ણબાગ તરફ જતા રોડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૭ વર્ષના આશરાના) પુરૂષો ભુપેન્દ્ર શાહના હાથમાંથી પ્લાસ્ટીકની બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. બેગમાં ૧૦૦૦ ના દરની ૧૯ નોટો અને ૫૦૦ ના દરની ૨૬ નોટો મળી કુલ રૂપિયા ૩૨૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ ભુપેન્દ્ર શાહે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૭/૧૬**

**ઘાટલોડીયાઃ** અશોકકુમાર હસમુખભાઇ સુરતી (ઉ.વ.૫૦) (રહે. આદિનાથનગર વિશ્રામનગરની સામે ગુરુકુળ રોડ ઘાટલોડીયા) એ તા.૧૨/૧૧/૧૬ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે સોલા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સવજીભાઇ તળજાભાઇ ચલાવે છે.

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** ચિરાગ નરેશભાઈ પંડ્યા (ઉ.વ.૨૫) (રહે. ખોડીયારનગરની ચાલી ગુપ્તાનગર વાસણા) એ માનસીક બિમારીથી કંટાળી તા.૧૨/૧૧/૧૬ બપોરના ૨/૫૦ વાગ્યા પહેલા સરદારબ્રીજ અને એલીસબ્રીજ વચ્ચે ઈવેન્ટ સેન્ટર પાછળ પગથિયા નંબર-૪૪ રિવરફ્રન્ટના વોકવે નજીક ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસીંગભાઈ નંદરીયાભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)